જીગર
Jigar Publicity
All GIDC Estate Industrial Directory Available
+91 81609 79957


# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 12 DATE: 16- 09 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ ભાદરવા સુદ પાંચમ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


## ઈલીઝિયમ ફાર્માના માલિક સાથે USAની ફાર્મા કંપની ટેક-ઓવરના બહાને રૂપિયા ૧૬ કરોડની ઠગાઈ

અમેરિકા ખાતેની ફાર્માસ્યુટિકલ કંપની ટેક-ઓવર કરવાના બહાને ઉદ્યોગપતિ સાથે રૂપિયા ૧૬ કરોડની મોટી ઠગાઈ આચરવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. અમેરિકામાં વર્કિંગ કેપિટલ પેટે ૨૦ લાખ USDની લોન આપવાના નામે ઉદ્યોગપતિની કંપનીના ૩.૨૦ લાખ શેર સિક્યૉરિટી પેટે પોતાના નામે કરાવી લઈ છેતરપિંડી આચરવા બદલ પાદરા પોલીસ મથકે USAમાં રહેતા પિતા-પુત્ર, કંપની માલિક અને CA સહિત કુલ ૪ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા યશવંત પટેલ પાદરાના ડભાસા ગામે વર્ષ ૧૯૯૭થી ઈલીઝિયમ ફાર્માસ્યુટિકલ લિમિટેડ નામની કંપની ચલાવે છે. વર્ષ ૨૦૧૧થી તેઓ મૂળ આલીન્દ્રા (નડિયાદ) અને હાલ અમેરિકા સ્થિત નીલેશ એમ. પટેલ સાથે દવાઓના વેચાણનો વેપાર કરતા હતા. નીલેશ પટેલે અમેરિકામાં ઈન્વાટેક ફાર્મા સોલ્યુશન એલએલસીમાં પોતે ભાગીદાર હોવાનું જણાવી કંપનીમાં નાણાકીય ભીડ હોવાથી તે વેચવાની વાત કરી હતી. તેમણે યશવંત પટેલને આ કંપની ટેક-ઓવર કરવાથી મોટો નફો થશે તેવી લાલચ આપી તેમના ભાગીદાર ડૉ. હેમંત પટેલ સાથે મુલાકાત કરાવી હતી. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ડૉ. હેમંત કનુભાઈ પટેલ, તેમનો પુત્ર કિશન પટેલ અને CA હર્ષ દીપકભાઈ ડોલીયા ડભાસા ખાતે ઈલીઝિયમ કંપનીની ઓફિસે આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, અમેરિકાની ઈન્વાટેક કંપનીની વેલ્યૂ ૧૦.૫ મિલિયન યુએસ ડૉલર છે, અને તેના ૧૦૦ % શેર હેમંત પટેલની માલિકીની બી.પી.એચ. ફાર્મા પાસે છે. તેમણે ૫૧% શેર (વેલ્યૂ ૫૩.૫૫ લાખ ડૉલર) ઈલીઝિયમ કંપનીના નામે ટ્રાન્સફર કરવાની ખાતરી આપી હતી. જે પેટે એપ્રિલ ૨૦૨૪માં અમેરિકા ખાતે ત્રણેય પક્ષો વચ્ચે MOU પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ઈન્વાટેક કંપની ચલાવવા ભારતમાંથી અમેરિકા વર્કિંગ કેપિટલ મોકલવા RBIની મંજૂરી જરૂરી હોવાથી યશવંત પટેલે જરૂરી દસ્તાવેજો માગ્યા પણ ભેજાબાજોએ દસ્તાવેજો ન આપી જાણીજોઈને નાણાકીય કટોકટી ઊભી કરી હતી. અંતે ડૉ. હેમંત પટેલે પોતે ૨૦ લાખ યુએસ ડૉલરની લોન આપવાનું કહી તેના બદલામાં સિક્યૉરિટી પેટે ઈલીઝિયમ કંપનીના ૩,૨૦,૦૦૦ શેર માગ્યા હતા. યશવંત પટેલે વિશ્વાસ રાખી આશરે રૂપિયા ૫૦૦નાં ભાવ લેખે રૂપિયા ૧૬ કરોડના શેર હેમંત પટેલના ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરી આપ્યા હતા. શેર મેળવી લીધા બાદ ભેજાબાજોએ ન તો ૨૦ લાખ ડૉલરની લોન આપી કે ન ઈન્વાટેક કંપનીના ૫૧ % શેર ટ્રાન્સફર કર્યા કે ન તો કંપની ટેક-ઓવર કરાવી આપી હતી. વારંવાર માગણી કરવા છતાં રૂપિયા ૧૬ કરોડના શેર કે નાણાં પરત ન કરી વિશ્વાસઘાત કર્યો હતો. આ સમગ્ર મામલે ઉદ્યોગપતિએ અગાઉ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં કરેલી અરજી કરી હતી. જેના આધારે પાદરા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

## નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ નો લાભ લેવાના નિયમો અને શરતો જાહેર કરાઈ

ગુજરાત સરકારે નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ જાહેર કર્યાના લગભગ બે મહિને નિયમો અને શરતો નિયત કરીને તેનો લાભ કેવી રીતે મળશે તેની જાહેરાત કરી છે. જે ઔદ્યોગિક એકમના પ્રોજેક્ટ દ્વારા નીતિના કાર્યકાળ દરમિયાન વ્યવસાયિક ઉત્પાદન શરૂ કર્યુ હોય અને નવું એકમ સ્થાપવામાં આવ્યું હોય તેને નવો પ્રોજેક્ટ ગણવામાં આવશે તેમ નક્કી કરાયું છે. તે સાથે હાલના સ્થળ સિવાયના અન્ય સ્થળે વિસ્તરણ કે વૈવિધ્યકરણ કરવામાં આવે તો તેને પણ નવું એકમ ગણવામાં આવશે.

વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૭નીતૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, ત્યારે કંપનીઓને ઔદ્યોગિક નીતિ વિશે જાણકારી મળે તે હેતુથી પાંચ વર્ષ દરમિયાન નવી નીતિનો લાભ લેવા માટેના નિયમો, નવા કે જૂના એકમને કેવી રીતે લાભ મળશે તેની શરતો, કંપનીઓએ કઈ બાબતોનું ધ્યાન રાખવું પડશે તે સહિતની અનેક બાબતોને ઠરાવમાં આવરી લેવાઈ છે.

ઔદ્યોગિક એકમના વિસ્તરણમાં હાલનું એકમ પોતાના પ્રોજેક્ટના ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ (જમીન સિવાય) માં વર્તમાન રોકાણની સરખામણીમાં ઓછામાં ઓછુ ૫૦ ટકા જેટલું રોકાણ કરે અને વધારાના રોકાણમાંથી ઓછામાં ઓછું ૬૦ ટકા રોકાણ પ્લાન્ટ અને મશીનરીમાં કરવામાં આવે તેને ગણવામાં આવશે. તે સાથે જે ઉત્પાદન માટે વિસ્તરણ કરવામાં આવ્યું હોય તેની હાલની સ્થાપિત ઉત્પાદન ક્ષમતામાં ઓછામાં ઓછો ૫૦ ટકા જેટલો વધારો થવો પણ જરૂરી હોવા સહિતની શરતો રખાઈ છે. આવા વિસ્તરણ પ્રોજેક્ટમાં અલગથી ઓળખી શકાય તેવું નિશ્ચિત મૂડીરોકાણ હોવું જોઈએ. જો કે, જો પાણી, વીજળી, સ્ટીમ, ગેસ, પ્રદૂષણ નિયંત્રણ સુવિધા વગેરે જેવી હાલના પ્રોજેક્ટની ઉપયોગીતાઓનો ઉપયોગ કરવામાં આવે તો પણ આવા પ્રોજેક્ટની પાત્રતા સમાપ્ત થશે નહીં. વૈવિધ્યીકરણમાં હાલનું કે નવું એકમ ઉત્પાદન કરતો હોય તેમાં વૈવિધ્યકરણ કરે અને તે જ સ્થળે પોતાના હાલના પ્રોજેક્ટના ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટમાં ઓછામાં ઓછો ૫૦ ટકા વધારો કરે તેને ગણાશે.

પ્રદૂષણ નિયંત્રણ માટેની વ્યવસ્થા જેમાં પ્રવાહી કચરા કે ઘન-જોખમી કચરાના સંગ્રહ, ટ્રીટમેન્ટ અને નિકાલ માટેની સુવિધાઓનો સમાવેશ થાય છે તે નીતિના લાભને પાત્ર ગણાશે. સામાન્ય ક્ષેત્રોના મોટા ઔદ્યોગિક એકમો માટે મૂડી, વ્યાજ અને વીજળી દરની સંયુક્ત પ્રોત્સાહન યોજના પણ આ સાથે જાહેર કરાઈ છે. ઔદ્યોગિક એકમ નવા પ્રોજેક્ટ તરીકે, વિસ્તરણ કે વૈવિધ્યીકરણ થકી કોઈ એક પ્રોજેક્ટ માટે આ નીતિના સમયગાળા દરમિયાન વધુમાં વધુ બે વખત પ્રોત્સાહનનો લાભ મેળવી શકાશે.આ યોજના હેઠળ પ્રોત્સાહન મેળવવા ઔદ્યોગિક એકમે વાણિજ્યિક ઉત્પાદન શરૂ કરેલું હોવું જરૂરી છે. જો કોઈ એકમ રાજ્ય સરકારની અન્ય કોઈ યોજનામાં એ જ ઘટક માટે પ્રોત્સાહનનો લાભ લઈ રહ્યો હોય તો આ યોજના હેઠળ તે લાભ મેળવવા માટે પાત્ર રહેશે નહીં, સિવાય કે આ યોજનામાં ખાસ જોગવાઈ કરવામાં આવી હોય.






## આમોદના મછાછરા ગમે જીઆઈડીસી સ્થાપવા જમીન સંપાદન કરાઈ

ગાંધીનગર: દક્ષિણ ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા માટે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ ૨૦૨૬ અંતર્ગત કુલ ૮ નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકારની પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસની પહેલના ભાગરૂપે આ વસાહતો દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં સ્થાપવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા રજુ કરાયેલી વિગત પ્રમાણે જાહેર કરાયેલી ૮ ઔદ્યોગિક વસાહતોમાં વલસાડ જિલ્લામાં દાંડી, નવસારી જિલ્લામાં જલાલપોર તાલુકાના આટ, ભરૂચ જિલ્લામાં ઝઘડિયા તાલુકાના ખાનપુરા-દેસ અને ઉબેર, આમોદ તાલુકાના મછાછરા, તાપી જિલ્લામાં ઉચ્છલ તાલુકાના વડપાડા (નેહુ), સુરત જિલ્લામાં ઓલપાડ તાલુકાના પારડી ઝાંખરી અને મંદરોઈનો સમાવેશ થાય છે.

આ નવી ઔદ્યોગિક વસાહતો માટે જમીન મેળવવાની પ્રક્રિયા પણ આગળ ધપાવવામાં આવી રહી છે. તેમાં ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના મછાછરા ગામની સરકારી જમીનનો કબજો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા તા. ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ મેળવી લેવામાં આવ્યો છે. આ વસાહતોના વિકાસથી દક્ષિણ ગુજરાતમાં નવા ઔદ્યોગિક એકમો સ્થાપવા માટે જમીન અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થવાની સાથે સ્થાનિક સ્તરે રોજગારીની તકો પણ વધવાની અપેક્ષા છે. દક્ષિણ ગુજરાત VGRCમાં કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સ, ટેક્સટાઈલ્સ, જેમ્સ-જ્વેલરી અને એગ્રો-ફૂડ પ્રોસેસિંગ સહિતના ક્ષેત્રો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

દહેજ PCPIR નજીક આવેલ મછાછરા જેવા ગામમાં GIDC સ્થાપતા વિકાસને વધુ વેગ મળશે.













## તંત્રીલેખ

# કેમિકલ એસ્ટેટની ચોમેર ૫૦૦ મીટરનો બફર ઝોન ફરજીયાત કરવાની રજુઆત

અંકલેશ્વર જીઆઈડીસી એસ્ટેટ કેમિકલ એસ્ટેટ છે. તેમાં ૭૦,૦૦૦ ઉપરાંતની વસ્તી ધરાવતો રહેણાંક વિસ્તાર છે. તે ઉપરાંત સારંગપુર, કોસમડી, ભડકોદ્રા, જીતાલી, કાપોદ્રા ગામમાં પણ ઈન્ડસ્ટ્રીઝને લઈને ખુબ મોટા પ્રમાણમાં લોકો રહે છે. પરંતુ અનુભવે એવું સમજાયું છે કે કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ અને રહેણાંક વિસ્તાર વચ્ચે સેફ ઝોન હોવો જોઈએ.

તાજેતરમાં જ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનનાતેમજ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના માજી પ્રમુખ એન. કે. નાવડીયાએ રાજ્ય સરકારના અર્બન ડેવલપમેન્ટ વિભાગમાં રજુઆત કરી છે કે ગુજરાત ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સના નિયમોમાં સુધારો કરી ઔદ્યોગિક વિસ્તારની ચારે તરફ ૫૦૦ મીટરનો બફર ઝોન ફરજીયાત બનાવાય તો ઔદ્યોગિક અકસ્માતોના સમયે જાનહાની રોકી શકાય તેમ છે. તેમની આ માંગ તેમના લોમ્બા સમયના અનુભવનું પ્રતિબિંબ છે.

ભોપાલ ગેસ દુર્ઘટના સમયે પવનની દિશામાં આવેલ નજીકના વિસ્તારો ભારે પ્રભાવિત થયા હતા. તેમજ બીજા પણ અકસ્માતો સમયે નજીકના લોકો જ સૌથી વધારે પ્રભાવિત બને છે. આથી નિશ્ચિત બફર ઝોન રાખવો ખુબ આવશ્યક છે. ઔદ્યોગિક વિસ્તારોમાં આગ, ઝેરી વાયુ ગળતર, કેમિકલ લીકેજ જેવી મોટી હોનારત સમયે જાનમાલની સુરક્ષા માટે આ બફર ઝોન જરૂરી છે. સામાન્ય રીતે કોઈ એસ્ટેટની બહાર કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ સ્થાપે તો તેને ૫૦૦ મીટરના વિસ્તારમાં રહેણાંક વિસ્તાર ના હોવો જોઈએ તેવી અપેક્ષા રખાય છે. જયારે ખુબ મોટા કેમિકલ ઝોન હોવા છતાં તેની નજીક કોમર્શિયલ અને રહેણાંક વિસ્તાર ઉભા કરાય છે. આ બાબતે ગંભીરતા દાખવવાની જરૂર છે.

કોઈ પણ બ્લાસ્ટ કે મોટી દુર્ઘટના સમયે ફાયર બ્રિગેટ કે ઈમરજંસી વાહનોની અવરજવર માટે આ ખુલ્લી જગ્યા લાઈફલાઈન સાબિત થાય છે. આ ૫૦૦ મીટરના પટ્ટામાં ગ્રીન બેલ્ટ વિકસાવી વૃક્ષો ઉગાડવાથી વાયુ પ્રદુષણને વસ્તી સુધી પહોંચતું અટકાવી શકાય છે. તેની માત્રામાં ઘટાડો કરી શકાય છે.

અત્યારે તો સ્થિતિ આવી છે કે ૫૦૦ મીટરના બદલે ૧૦૦ મીટરના ગ્રીનબેલ્ટ માટે ફાળવાયેલ જગ્યામાં પણ યેનકેન પ્રકારે બિલ્ડિંગોનું નિર્માણ કરી દેવાય છે. અંકલેશ્વર એસ્ટેટમાં એક વખત જે ગ્રીન બેલ્ટ હતો ત્યાં સંસ્થાઓની કે સરકારી ઈમારતો ઉભી કરી દેવામાં આવી છે. દિવસે દિવસે આ ગ્રીન બેલ્ટમાં ઘટાડો થઇ રહ્યો છે. એટલેકે એક વખત જેને ગ્રીન બેલ્ટ કે બફર ઝોન જાહેર કર્યો હોય તેનું સખતાઈથી પાલન થવું જોઈએ.

થોડા સમય પહેલા નૈઢઝ એ એસ્ટેટમાં ૧૧ માલ સુધીના બાંધકામ કરવા માટેની છૂટ આપી છે. અંકલેશ્વર એસ્ટેટમાં જમીન અને પ્લોટના ભાવ આસમાને છે. એટલે અહીં બહુમાળી મકાન બનશે તે સ્વાભાવિક છે. જેના પરિણામે વસ્તીની ગીચતા વધશે જે ભવિષ્ય માટે ખતરનાક છે. મોટા અકસ્માતો એક જ વખત બનતા હોય છે. અચાનક બનતા હોય છે.

# વર્ષ ૨૧૦૦ સુધીમાં પૃથ્વીનો ૪૦% હિસ્સો રણ બની જશે!



**ચાઈનીઝ એકેડેમી ઓફ ફોરેસ્ટ્રીના વૈજ્ઞાનિકોના સંશોધન મુજબ, વર્ષ ૨૧૦૦ સુધીમાં પૃથ્વીની ૪૦%થી વધુ જમીન રણમાં ફેરવાઈ જશે. 'એન્વાયર્નમેન્ટલ રિસર્ચ લેટર્સ'માં પ્રકાશિત આ અહેવાલમાં જણાવાયું છે કે, ગ્લોબલ વોર્મિંગને કારણે જળચક્રનું અસંતુલન વધ્યું છે. ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ જેવા દેશોમાં રણનો વિસ્તાર વધશે, જે વૈશ્વિક અન્ન અને જળસંકટ સર્જશે. તાત્કાલિક નક્કર પગલાં લેવા અનિવાર્ય છે.**

જળચક્રનું અસંતુલન વ્યાપક રીતે વધી ગયું છે. વધતી ગરમી જમીનની ભેજ સંગ્રહ કરવાની ક્ષમતા ઘટાડે છે, જેનાથી ફળદ્રુપ જમીન શુષ્ક ધૂળમાં ફેરવાય છે. જયારે સૂકા વિસ્તારો ભેજવાળા પ્રદેશો તરફ વિસ્તરે છે, ત્યારે વનસ્પતિનો નાશ થાય છે અને રણનો વિસ્તાર વધે છે. તેના કારણે ઈકોસિસ્ટમ પર દબાણ વધી રહ્યું છે : સંશોધકોએ ૧૯૯૪ થી ૨૦૨૩ના બેઝલાઈન ડેટાના આધારે સ્પષ્ટ કર્યું છે કે એન્ટાર્કટિકા જેવા બરફાચ્છાદિત મહાદ્વીપને બાદ કરતાં, પૃથ્વીની લગભગ ૩૮.૫૮% જમીન પહેલેથી જ ડ્રાયલેન્ડ્સની શ્રેણીમાં આવે છે. વૈજ્ઞાાનિકોએ આ શુષ્ક પ્રદેશોને તેમની તીવ્રતાના આધારે ચાર મુખ્ય કેટેગરીમાં વિભાજિત કર્યા છે જેમાં અર્ધ-શુષ્ક, શુષ્ક પ્રદેશ, અલ્પ-ભેજવાળા, અતિ-શુષ્ક રણ પ્રદેશનો સમાવેશ થાય છે : ખાસ વાત એ છે કે, પૃથ્વી આપણને હજુ પણ સંકેતો અને તક આપી રહી છે. જો વર્ષ ૨૧૦૦ સુધીમાં ૪૦ ટકા ધરતીને ધગધગતા રણમાં ફેરવાતી અટકાવવી હોય, તો વૈશ્વિક સમુદાયે વચનો અને શિખર સંમેલનોથી આગળ વધીને ધરતીના ધબકારા બચાવવા માટે નક્કર પગલા ભરવા જ પડશે

આપણી પૃથ્વીનું તાપમાન અભૂતપૂર્વ ગતિએ વધી રહ્યું છે અને વૈશ્વિક ક્લાઈમેટ ચેન્જનું પરિણામ અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. વધતા વૈશ્વિક તાપમાનના કારણે દુનિયાભરના લીલાછમ વિસ્તારો સૂકાઈ રહ્યા છે અને રણવિસ્તારો તેમની સીમાઓ વટાવી આગળ વધી રહ્યા છે. પ્રતિષ્ઠિત સાયન્ટિફિક જર્નલ 'એન્વાયર્નમેન્ટલ રિસર્ચ લેટર્સ' માં પ્રકાશિત થયેલા એક તાજેતરના અહેવાલે વૈશ્વિક સ્તરે ચેતવણીની ઘંટડી વગાડી દીધી છે.

હકિકતે ચાઈનીઝ એકેડેમી ઓફ ફોરેસ્ટ્રીના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા ઊંડાણપૂર્વકના વિશ્લેષણ અનુસાર, ૨૧મી સદીના અંત સુધીમાં (વર્ષ ૨૧૦૦ સુધીમાં) પૃથ્વીની જમીનનો ૪૦ ટકાથી વધુ હિસ્સો ડ્રાયલેન્ડ્સ એટલે કે અત્યંત સૂકો અથવા રણ જેવા વિસ્તારોમાં ફેરવાઈ જશે. આ પરિવર્તન માત્ર જમીનનો પ્રકાર નહીં બદલે, પરંતુ કરોડો મનુષ્યો, પ્રાણીઓ, જળ સંસાધનો અને સમગ્ર ઈકોસિસ્ટમ માટે વિનાશકારી સાબિત થશે. પર્યાવરણીય પરિભાષામાં ડ્રાયલેન્ડ્સ એવા વિસ્તારોને કહેવામાં આવે છે જયાં જળસંચય અને વરસાદનું પ્રમાણ અત્યંત નહિવત હોય છે, જયારે તેની સામે બાષ્પીભવનનો દર ખૂબ ઊંચો હોય છે. સરળ શબ્દોમાં કહીએ તો, જેટલું પાણી આકાશમાંથી જમીન પર પડે છે તેના કરતાં ઘણું વધારે પાણી ગરમીના લીધે વરાળ બનીને ઊડી જાય છે.

આ દિશામાં તપાસ અને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. વૈજ્ઞાનિકોની ટીમે ૧૯૬૦થી લઈને ૨૦૨૩ સુધીના ઐતિહાસિક હવામાન ડેટા અને આધુનિક ક્લાઈમેટ પ્રોજેકશન મોડેલ્સનો ઉપયોગ કરીને આ વલણ તપાસ્યું છે. તેમના તારણો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે, જળચક્રનું અસંતુલન વ્યાપક રીતે વધી ગયું છે. વધતી ગરમી જમીનની ભેજ સંગ્રહવાની ક્ષમતા ઘટાડે છે, જેનાથી ફળદ્રુપ જમીન શુષ્ક ધૂળમાં ફેરવાય છે. જયારે સૂકા વિસ્તારો ભેજવાળા પ્રદેશો તરફ વિસ્તરે છે, ત્યારે વનસ્પતિનો નાશ થાય છે અને રણનો વિસ્તાર વધે છે. તેના કારણે ઈકોસિસ્ટમ પર દબાણ વધી રહ્યું છે. આ ઉપરાંત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સામે પડકાર ઊભા થવાના છે.

સંશોધકોએ ૧૯૯૪ થી ૨૦૨૩ના બેઝલાઈન ડેટાના આધારે સ્પષ્ટ કર્યું છે કે એન્ટાર્કટિકા જેવા બરફાચ્છાદિત મહાદ્વીપને બાદ કરતાં, પૃથ્વીની લગભગ ૩૮.૫૮% જમીન પહેલેથી જ ડ્રાયલેન્ડ્સની શ્રેણીમાં આવે છે. વૈજ્ઞાાનિકોએ આ શુષ્ક પ્રદેશોને તેમની તીવ્રતાના આધારે ચાર મુખ્ય કેટેગરીમાં વિભાજિત કર્યા છે જેમાં અર્ધ-શુષ્ક, શુષ્ક પ્રદેશ, અલ્પ-ભેજવાળા, અતિ-શુષ્ક રણ પ્રદેશનો સમાવેશ થાય છે. આ ચારેય પ્રદેશોનું વિભાજન જોઈએ તો અંદાજે ૩૮ ટકાથી વધારે જાય છે. આ આંકડો દર્શાવે છે કે વિશ્વનો એક મોટો હિસ્સો પહેલેથી જ પાણીની અછત સામે ઝઝૂમી રહ્યો છે. જો આ ટકાવારીમાં સહેજ પણ વધારો થશે, તો તે કરોડો લોકોના સ્થળાંતરનું કારણ બનશે. આ સંશોધનમાં સૌથી ચોંકાવનારો ખુલાસો કાર્બન ડાયોક્સાઈડની ભૂમિકા અંગે થયો છે.

સામાન્ય રીતે કાર્બન ડાયોક્સાઈડને ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જનો મુખ્ય ગુનેગાર માનવામાં આવે છે. પરંતુ આ જ વાયુ પૃથ્વીને સંપૂર્ણપણે રણ બનવાથી આંશિક રાહત પણ આપી રહ્યો છે. આ પ્રક્રિયા પાછળનું વનસ્પતિ વિજ્ઞાાન સમજવા જેવું છે. વનસ્પતિના પાંદડાઓની સપાટી પર અસંખ્ય અત્યંત સૂક્ષ્મ છિદ્રો આવેલા હોય છે, જેને વિજ્ઞાનની ભાષામાં 'સ્ટોમેટા' કહેવામાં આવે છે. છોડ આ છિદ્રો દ્વારા વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ ગ્રહણ કરે છે અને પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા કરે છે. જયારે વાતાવરણમાં કાર્બનડાયોક્સાઈડનું પ્રમાણ પુષ્કળ હોય છે, ત્યારે છોડને પૂરતો કાર્બન મેળવવા માટે સ્ટોમેટા પૂરેપૂરા ખોલવાની જરૂર પડતી નથી તે આંશિક રીતે જ ખુલે છે. જાણકારોના મતે જૂના પર્યાવરણીય સંશોધનોમાં વનસ્પતિના આ શારીરિક ગુણધર્મને નજરઅંદાજ કરવામાં આવ્યો હતો. તેથી અગાઉના અહેવાલોમાં એવી આગાહી કરવામાં આવી હતી કે વર્ષ ૨૧૦૦ સુધીમાં ધરતીનો ૫૬% હિસ્સો સુકાઈને રણ બની જશે. જોકે, ચાઇનીઝ એકેડેમી ઓફ ફોરેસ્ટ્રીના નવા ડેટામાં સ્ટોમેટાની આ અસરની ગણતરી ઉમેરવામાં આવતાં સુધારેલો અંદાજ ૪૦%ની આસપાસ આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, નવો અભ્યાસ આંકડામાં ઘટાડો દર્શાવે છે પરંતુ આ કોઈ ખુશ થવા જેવી બાબત નથી. હકિકતે કાર્બન ડાયોક્સાઈડનો આ બચાવ માત્ર એક કામચલાઉ સંરક્ષણ જેવો છે.

મતે વર્ષ ૨૦૭૧થી ૨૧૦૦ દરમિયાન વૈશ્વિક ડ્રાયલેન્ડ્સનું કવરેજ વધીને ૪૦.૨૮% સુધી પહોંચી જશે. આ વધારો મુખ્યત્વે માનવસજત ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જન પર નિર્ભર રહેશે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે સૌથી મોટો વધારો હાઈપર-એરિડ એટલે કે અતિ-શુષ્ક રણ ઝોનમાં જોવા મળશે જેનું હાલનું પ્રમાણ માત્ર ૬.૨૭ ટકા જ છે. તેમના મતે અલ્જીરિયા જેટલું નવું રણ સર્જાશે. પૃથ્વી પર નવું સર્જાનારું રણ એટલંઆ વિશાળ હશે જે આફ્રિકાના અલ્જીરિયા દેશના કુલ કદ જેટલું અથવા ઓસ્ટ્રેલિયાના કુલ જમીન વિસ્તારના ૩૦ ટકા જેટલું હશે.

આ ઉપરાંત ઓસ્ટ્રેલિયા પર સૌથી મોટો આઘાત લાગે તેમ છે. ઓસ્ટ્રેલિયા પહેલેથી જ વિશ્વનો સૌથી સૂકો મહાદ્વીપ ગણાય છે. ક્લાઈમેટ ચેન્જના આ નવા આઘાત હેઠળ ઓસ્ટ્રેલિયાના નિવસનતંત્રમાં પ્રચંડ ફેરફારો આવશે અને તેના મોટાભાગના ઘાસના મેદાનો કાયમી રણમાં પરિવર્તિત થઈ જશે તેવું હાલના ધોરણે અભ્યાસના તારણોમાં દેખાઈ રહ્યું છે. આ સિવાય અત્યંત સમૃદ્ધ જૈવવિવિધતા ધરાવતું બ્રાઝિલ ભયાનક દુષ્કાળનો સામનો કરશે. એમેઝોનના વર્ષાવનોનો ભેજ ઘટી રહ્યો છે અને તે ધીમે ધીમે શુષ્ક સવાના કે રણમાં ફેરવાઈ શકે છે. આફ્રિકાના સબ-સહારા વિસ્તારોમાં તાપમાનનો પારો અસહ્ય બનશે, જેનાથી કરોડો લોકો માટે અન્ન અને જળસંકટ સર્જાશે.

રણના અભૂતપૂર્વ વિસ્તરણથી વૈશ્વિક સ્તરે ગંભીર પરિણામો આવશે

જાણકારોના મતે રણના આવા અભૂતપૂર્વ વિસ્તરણથી વૈશ્વિક સ્તરે ભયાનક પરિસ્થિતિનું સર્જન થશે. જમીન સૂકી થતાં ભૂગર્ભજળના સ્તર તળિયે જશે. પાણી માટે દેશો અને રાજયો વચ્ચે સંઘર્ષો વધશે. ખેતી અશક્ય બનવાથી કરોડો લોકો શહેરો તરફ કે અન્ય દેશો તરફ હિજરત કરવા મજબૂર બનશે.

આ સિવાય સેમી-એરિડ વિસ્તારો જયાં આજે ઘઉં, બાજરી, કઠોળ જેવા પાકો થાય છે, તે જમીન બિનઉપજાઉ બનશે. વિશ્વની વસ્તી વધી રહી છે ત્યારે અનાજનું ઉત્પાદન ઘટવું એ વ્યાપક ભૂખમરા તરફ દોરી જશે. અનેક દેશોમાં રોટી રમખાણો પણ જોવા મળશે. તે ઉપરાંત જૈવવિવિધતાનો સામૂહિક વિનાશ થશે. વનસ્પતિ નષ્ટ થતાં તેના પર નિર્ભર પશુ-પંખીઓ અને કીટકો કાયમ માટે લુપ્ત થઈ જશે, જેનાથી કુદરતી ફૂડસાઈકલ તૂટી પડશે. આ સિવાય હીટવેવ્સનું પ્રમાણ અને અસર અતિશય વધી જશે.

રણવિસ્તાર વધવાથી પૃથ્વીની સપાટી વધુ ગરમ થશે, જેના પરિણામે મહાનગરોમાં અસહ્ય હીટવેવ્સ અને હજારો કિલોમીટર સુધી ફેલાતી રેતીની આંધળીઓનું પ્રમાણ વધશે. સંશોધકો માને છે કે, આ રિપોર્ટ માત્ર એક આગાહી નથી, પરંતુ પૃથ્વી તરફથી મળેલી કદાચ અંતિમ અને ગંભીર ચેતવણી છે. જો માનવજાતે પોતાની ભાવિ પેઢીઓને આ ભયાનક રણમાં હોમાતી બચાવવી હોય, તો વૈશ્વિક સ્તરે તાત્કાલિક અને કડક પગલાં ભરવા પડશે. આ દિશામાં પગલાં ભરતા તાકીદે કોલસો, પેટ્રોલ અને ડીઝલ જેવા અશ્મિભૂત ઈંધણનો વપરાશ તાત્કાલિક ઘટાડીને સૌર, પવન અને હાઈડ્રોજન જેવી રિન્યુએબલ એનર્જી તરફ ૧૦૦% વળવું પડશે. તે સિવાય આફ્રિકાની ગ્રેટ ગ્રીન વોલની જેમ રણની સીમાઓ પર મોટા પાયે સ્થાનિક જાતોના વૃક્ષો વાવીને કુદરતી બફર ઝોન તૈયાર કરવા જોઈએ, જેથી રણ આગળ ન વધે.

આ સિવાય પરંપરાગત સિંચાઈ પદ્ધતિઓને બદલે ટપક અને ફુવારા પદ્ધતિ ફરજિયાત બનાવવી પડશે. વરસાદી પાણીના સંગ્રહને દરેક સ્તરે કાયદાકીય રૂપ આપી ફરજિયાત કરવું જરૂરી છે. સૌથી વધારે સોઈલ રીજનરેશનની દિશામાં કામ કરવું પડશે.

જમીનમાં કાર્બનિક તત્વો જળવાઈ રહે તે માટે રાસાયણિક ખાતરો ઘટાડીને પ્રાકૃતિક અને ટકાઉ ખેતી પદ્ધતિઓ અપનાવવી અનિવાર્ય છે. ખાસ વાત એ છે કે, પૃથ્વી આપણને હજુ પણ સંકેતો અને તક આપી રહી છે. જો વર્ષ ૨૧૦૦ સુધીમાં ૪૦ ટકા ધરતીને ધગધગતા રણમાં ફેરવાતી અટકાવવી હોય, તો વૈશ્વિક સમુદાયે વચનો અને શિખર સંમેલનોથી આગળ વધીને ધરતીના ધબકારા બચાવવા માટે નક્કર પગલા ભરવા જ પડશે.

# જોખમી કેમિકલ ભરેલું ટેન્કર નરોડામાંથી ઝડપાયું, એક શખ્સની પણ ધરપકડ કરાઈ

અમદાવાદ શહેરમાં નશીલા અને ગેરકાયદે પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની પરમિશન વગર નરોડા GIDC વિસ્તારમાંથી એસિડયુક્ત કેમિકલ પ્રવાહી ભરીને પસાર થઈ રહેલા ટેક્કરને ઝડપી લીધું હતું. તંત્રની જાણ બહાર આ દૂષિત કેમિકલ કોઈ તળાવ કે નાળામાં ઠાલવવા માટે જઈ રહેલું ટેક્કર ઝડપાતાં તપાસ શરૂ થઈ છે.

ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે ટીમ પોલીસ નરોડામાં કાયાકલ્પ કોમ્પલેક્સની સામે રોડ ઉપર વોચમાં ગોઠવાઈ ગઈ હતી ત્યારે જ ત્યાંથી બાતમીવાળું ટેક્કર પસાર થયું હતું. પોલીસે ટેક્કર અટકાવી ચાલકની પૂછપરછ કરી હતી. જે દરમિયાન ટેક્કર ડ્રાઈવર કલ્યાણસિંહ ઉર્ફે કલુસિંહ રાજપૂત (ઉં. ૨૯ વર્ષ)ને આટકાવ્યો હતો. તેના ટેક્કરમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની પરમિશન વગર ૨૭,૬૩૦ લીટર એસિડયુક્ત કેમિકલ પ્રવાહી ભરેલું હોવાનું જણાયું હતું. પોલીસે ટેક્કર તથા કેમિકલ પ્રવાહીને કબજામાં લઈ કુલ ૯૦.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી વિરુદ્ધ અમદાવાદ શહેર ડીસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે નરોડા, વટવા અને નારોલ તથા શહેર આજુબાજુની જીઆઈડીસીમાં ધમધમતી કેમિકલની ફેકટરીઓમાંથી દૂષિત કેમિકલનો જાહેરમાં નિકાલ કરવાનો કારસો ચાલી રહ્યો છે. જેમાં ચોક્કસ તત્ત્વો દ્વારા ટેક્કરમાં કેમિકલ ભરીને ગમે ત્યાં જાહેરમાં ઠલવી દેવામાં આવતો હોય છે. જેમાં ઘણા મોટા માથાઓની પણ સંડોવણી સામે ખૂલી છે. હવે આ કાંડમાં પણ કોની સંડોવણી છે. તેની તટસ્થ તપાસ થાય તો ચોક્કસ ઘણા લોકો સુધી તપાસ પહોંચી શકે છે.

પ્રાથમિક વિગતો મુજબ આરોપી સામે પર્યાવરણ સંરક્ષણ સંબંધિત કાયદાની જોગવાઈઓ તેમજ અન્ય લાગુ પડતી કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી. પોલીસે કેમિકલ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને ક્યાં લઈ જવામાં આવી રહ્યું હતું તે સહિતની વધુ તપાસ હાથ ધરી છે.

## પંડવાઈ સુગરમાં ઈશ્વરસિંહ પટેલની ફરી ચેરમેન પદે સર્વાનુમતે વરણી



ભરૂચ: ભરૂચ અને સુગર જિલ્લામાં ધરતીપુત્રો માટે કામધેનુ ગણાતી પંડવાઈ સુગર ફેક્ટરીમાં ચેરમેન પદે ફરીવાર ઈશ્વરસિંહ પટેલ (મંત્રી રાજ્યના જળસંપતિ વિભાગ)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જ્યારે વાઈસ ચેરમેન તરીકે અનિલ પટેલની વરણી કરવામાં આવી છે. ચેરમેન પદે ઈશ્વરસિંહ પટેલની આ.. મી વખતની નિમણૂક છે.

હાંસોટની પંડવાઈ સુગરની ચૂંટણીમાં ઈશ્વરસિંહ પટેલની સહકાર પેનલને બિનહરીફ તેમજ બે બેઠકો પર ક્લીન સ્વીપ મળતાં કુલ ૧૬ બેઠક પર વિજયનો વરઘોડો જાળવી રાખ્યો છે. ગણેશ ચતુર્થીના દિવસે જ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાતાં અંકલેશ્વર પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવી હતી, જેમાં ચેરમેન પદે ઈશ્વરસિંહ પટેલનું નામ સર્વસંમતિ જાહેર થતાં તેમની વરણી કરવામાં આવી હતી. જ્યારે વાઈસ ચેરમેન પદે અનિલભાઈ પટેલની પણ બિનહરીફ વરણી કરવામાં આવી હતી. તેમની પસંદગી થતાં ડિરેક્ટરો અને સમર્થકોએ શુભકામનાઓ પાઠવી હતી. ચેરમેન તરીકે ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, પંડવાઈ સુગર સાથે સંકળાયેલા મારા ખેડૂતોને શેરડીના સારા ભાવો મળે એ માટે અમે પ્રયાસો કરીશું. સાથે જ ઈથેનોલ આધારિત ઈંધણની ડિમાન્ડને ધ્યાનમાં રાખી ભવિષ્યમાં અમે ચોખા અને મકાઈમાંથી ઈથેનોલ પ્લાન્ટ નાંખવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

## લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરા તથા ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે વડોદરામાં ન્યુ ઓએસએચ કોડ વિષય પર ખાસ સંવાદનું આયોજન કરાયું

ઉદ્યોગહિત - રાષ્ટ્રહિતના ઉદ્દેશ્ય સાથે લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરા તથા ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે શહેરમાં ન્યુ ઓએસએચ કોડ વિષય પર ખાસ સંવાદનું આયોજન કરાયું હતું.

જેમાં મુખ્ય વક્તા તરીકે ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગુજરાત સરકારના ડાયરેક્ટર પી. એમ. શાહ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. જે કાર્યક્રમમાં લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરાના પ્રેસિડેન્ટ વિરલ ચૌધરી અને જનરલ સેક્રેટરી નિલેશ પટેલના માર્ગદર્શનમાં ઉદ્યોગપતિઓ સાથે શહેર નજીકની ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના પ્રમુખ સહિતના પ્રતિનિધિઓ ખાસ જોડાયા હતા.

ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગુજરાત સરકારના ડાયરેક્ટર પી. એમ. શાહે ઉપસ્થિતોને સંબોધતા કહ્યું હતું કે, નવા ઓએસએચ કોડ અંતર્ગત મહિલાઓ નાઈટ શિફ્ટ કે સેકન્ડ શિફ્ટ બંનેમાં કામ કરી જ શકે છે અને જે કંપનીમાં ૧૦૦ થી વધારે કર્મચારીઓ હોય ત્યાં ઘોડિયા ઘર રાખવું ફરજિયાતબન્યું છે. ઉપરાંત જે ફેક્ટરીમાં માન્ય લાઈસન્સ નહીં હોય તેમને સરકાર ક્લોઝર નોટિસ આપી શકે છે. કંપનીમાં જો દરેક કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે તો ફેક્ટરીમાં સેફ્ટી અકસ્માત થતા અટકાવી શકાશે. કંપની અને કર્મચારીઓની સેફ્ટી માટે સમયાંતરે સેફ્ટી ઓડિટ જરૂરી છે. જેથી કંપનીની પ્રોડક્શન ગુણવત્તામાં વધારો કરી શકાશે. કોઈ વ્યક્તિ જ્યારે નવી કંપનીની શરૂઆત કરે ત્યારે ધ્યાન રાખવું જોઈએ કે, સરકારના પોર્ટલ ઉપર દરેક ડોક્યુમેન્ટ યોગ્ય રીતે અપલોડ થાય, જો તેમ નહીં થાય તો વ્યાપાર શરૂ થતા પહેલા જ બંધ થઈ જશે.




ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer: SPITMAAN® Champion Jointing Pvt. Ltd. Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# એક્રેડિટેડ જર્નાલિસ્ટ એસોસિએશનના ગુજરાત પ્રદેશ પ્રમુખપદે વરિષ્ઠ પત્રકાર પદ્મકાંત ત્રિવેદીની વરણી







એક્રેડિટેડ જર્નાલિસ્ટ એસોસિએશનના ગુજરાત પ્રદેશ પ્રમુખપદે વરિષ્ઠ પત્રકાર અને વીઆર લાઈન ન્યૂઝ ચેનલના ડિરેક્ટર પદ્મકાંત ત્રિવેદીની વરણી કરવામાં આવી છે. એક્રેડિટેડ જર્નાલિસ્ટ એસોસિએશનમાં અત્યારસુધી ૨૧ રાજ્યો જોડાયેલા હતા. ૨૨મા રાજ્ય તરીકે ગુજરાત છે. આ જાહેરાત નેશનલ એક્ઝિક્યુટિવ મેમ્બર લક્ષ્મણ પટેલ દ્વારા રાષ્ટ્રીય પ્રદેશ પ્રમુખની સૂચનાનુસાર કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાતના અગ્રણી વરિષ્ઠ પત્રકાર વિપુલ બ્રહ્મભટ્ટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસ ખાતે આવેલ શ્રી બ્રહ્માણી હોલમાં કરવામાં આવ્યું હતું, જેમાં રાજયના વિવિધ જિલ્લાઓમાંથી દૈનિક, સાપ્તાહિક અને પાક્ષિક અખબારના સરકાર માન્ય એક્રેડિટેશન કાર્ડ ધરાવનારા પત્રકારમિત્રોએ હાજરી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌ પત્રકારોએ એકસૂરે સંસ્થા માટે સમર્પિતતાનો ભાવ વ્યક્ત કર્યો અને ભવિષ્યમાં ખભેખભા મિલાવી કાર્ય કરવાની ખાત્રી લીધી. પદ્મકાંત ત્રિવેદીની નિમણૂકની તાળીઓના ગુંજારવથી હર્ષભેર વધામણા કરવામાં આવી. રાજેન્દ્રભાઈ લીંબાચીયાએ ઉપસ્થિત સૌ પત્રકારમિત્રોને સ્નેહભોજન કરાવ્યું હતું. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન અનિવાર્ય સંજોગોને કારણે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શક્યા નહોતા, પરંતુ તેમણે હંમેશા પત્રકારોના હિતમાં સાથ-સહકાર આપવાની ખાતરી આપી હતી. ઉપસ્થિત હોદ્દેદારોએ પત્રકારોને પડતી વિવિધ તકલીફોનું નિવારણ કેવી રીતે કરી શકાય તે અંગે સર્વેના અભિપ્રાય સાથે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો દ્વારા નિરાકરણ લાવવાની બાંહેધરી આપી.

આ સંસ્થા રાષ્ટ્રીય અધ્યક્ષ વિજયશંકર ચતુર્વેદી (દિલ્હી) અને સેક્રેટરી જનરલ કવડલે ચન્નાપ્પા (કર્ણાટક) ના વડપણ હેઠળ ભારતના ૨૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સફળતાપૂર્વક કાર્યરત છે. ગુજરાત હવે ૨૨મું રાજ્ય બન્યું છે જયાં એસોસિએશનની કારોબારી રચના કરવામાં આવી.

આવનારા સમયમાં સંસ્થાના નવા હોદ્દેદારોના શપથવિધિ અને પત્રકારોનું સન્માન કરવા માટે વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરાશે. કુંતલભાઈ નિમાવત દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું અને વધુ એક્રેડિટેશન કાર્ડધારક પત્રકારો અને તંત્રી મિત્રોને સંગઠનમાં જોડાવા માટે અભ્યર્થના સાથે આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

આ કાર્યક્રમ દ્વારા પત્રકારિત્વ ક્ષેત્રે સતત અને સખત યોગદાન આપનારા પત્રકારોનું માન વધારવામાં આવ્યું છે અને સંસ્થાની ભવિષ્યની દિશા સ્પષ્ટ કરવામાં આવી છે.

# શ્રી ખોડલધામ મહિલા સમિતી અંકલેશ્વર દ્વારા યોજાયેલ એક્ઝિબિશનની અનાર પટેલે મુલાકાત લીધી



અંકલેશ્વર એસ્ટેટમાં રહેણાંક વિસ્તારમાં આવેલ સરદાર પટેલ વાડી ખાતે શ્રી ખોડલધામ મહિલા સમિતી અંકલેશ્વર અને શ્રી ખોડલધામ પરિવાર અંકલેશ્વર દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકો માટે યોજાયેલ એક્ઝિબિશનમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ટ્રસ્ટી અનારબેન પટેલ મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. એક્ઝિબિશન નિહાળ્યું હતું અને મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરી હતી.

અનારબેન પટેલે જણાવ્યું હતું કે મહિલાઓ દ્વારા સંચાલિત એક્ઝિબિશનથી હું ખુબ જ પ્રભાવિત થઇ છું. આવા એક્ઝિબિશનના આયોજનથી મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળે છે. તેમને જે મહિલાઓ પોતાની જાતે પ્રોડક્ટ બનાવે છે કે કોઈ કલાકૃતિ તૈયાર કરે છે તેમને વિશેષપ્રોત્સાહિત કરવા પર ભાર મુક્યો હતો. જેથી તેમનામાં આગળ વધવાનું પ્રોત્સાહન મળે. તેમને એક્ઝિબિશનથી થનાર નફાથી એક પ્રવાસનું આયોજન કરવા જણાવ્યું હતું. આ પ્રકારના મોટા એક્ઝિબિશનના આયોજન વિષે વિચારાઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું.

તેમને આગામી જાન્યુઆરીમાં ૧૯ થી ૨૧ દરમ્યાન કાગવડ ખાતે યોજાનાર કાર્યક્રમની પણ રૂપરેખા આપી હતી. વધારેમાં વધારે લોકો તેમાં જોડાય તે માટે અપીલ કરી હતી.

જશુમતીબેન કોરાટે કાગવડની ઉજ્જડ જમીન કે જયાં પહેલા ખેડૂતોને નીલગાયોનો ત્રાસ હતો. ત્યાં નરેશભાઈ પટેલની દીર્ઘ દ્રષ્ટિથી ખોડલધામ મંદિરનું નિર્માણ કરીને તે ધરતીને ધબકતી કરી દીધી. તેમણે આગામી ૧૯ થી ૨૧ ના કાર્યક્રમ દરમ્યાન મહારાસનું આયોજન હોવાની માહિતી આપી હતી. જેમાં દોઢ લાખ ઉપરાંત પાટીદાર મહિલાઓ રાસમાં જોડાશે. તેમના માટે લાલ કલરના ચણીયા ચોળી કે સાડીનો ડ્રેસ કોડ રાખવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં ભરતભાઈ પટેલ, પંકજ ભુવા, વિપુલ વેકરીયા તેમજ મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


FOR SALE

1. G.L Reactor 100 Litter to 10,000 Litter (2.) G.L Receiver 100 Litter to 10,000 Litter
3. S.S. Reactor 100 Litter to 25,000 Litter (4) Cooling Tower 30TR to 600 TR
5. PP. Filter press size 24", 36", 48" (6) PP. Membrane Filter press size 48x48"

Mr. M.D Patel (M) 98241 01133 Mr. Sajan Patel (M) 98241 08885
Plot No: A1-5301, Opp. Global Trade Center, Near J.P. Industries, Mega Chowkadi,
GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA
E-mail: sales@megamachineryindia.com | Web: www.megamachineryindia.com

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com

Contact For Following Licenses

(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)

Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved

We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.

-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901

- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work

Authorised Dealers for: PHOENIX CONTACT BROIL BROTEK BELA INSTRUMENTS YTC SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
Our Environmental Laboratory Accreditation & Recognized by
NABL (ISO: 17025), MoEF & CC (EPA 1986) & GPCB SCH-II Environmental Auditors
WHY US? 15+ Years of Experience | Industry Versatile | Technology-Driven & Future-Ready
ESG • SUSTAINABILITY • CLIMATE ACTION SOLUTIONS
- ESG Reporting
- Carbon, Water & Green Credit Advisory
- GHG Accounting & Carbon Footprint Studies
- Sustainability & BRSR Reporting
- Environmental Product Declarations (EPD)
- Environmental Consulting & Due diligence
- Energy & Water Audits


OUR CLIENT
Other Services: Environmental Consulting & Monitoring | Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER

Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
THERMAX (Vender)
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002